# લીલીયા શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે ચાલતા ભૂગર્ભ ગટર કામમાં ભ્રષ્ટાચાર?

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: લીલીયા શહેરની પાછલા એક દાયકા ઉપરાંતના સમયથી જાણે માઠી બેઠી હોય તેમ ભૂગર્ભ ગટર યોજના હોય કે નલ સે જલ યોજના હોય તેની કામગીરીને લઈ લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અને શાસક પક્ષના નેતાઓના પેટનું પાણી હલતું પણ નથી.





## સરપંચ, રાજકીય પાર્ટીના કાર્યકરો અને ગ્રામજનો દ્વારા ભૂગર્ભ ગટર કામની કામગીરી નબળી થતી હોવાની ટી.ડી.ઓને રજૂઆત

શહેરમાં સને ૨૦૧૪ માં કરોડો રૂપિયાના ખર્ચે અધુરી તૈયાર થયેલ ભૂગર્ભ ગટર યોજનાનું લોકાર્પણ કરી દેવામાં આવેલ હતું. તેને લઈ ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ભૂગર્ભ ગટરમાં થયેલ વ્યાપક પ્રમાણમાં થયેલ ગેરરીતિને લઈ અનેક વાર ગ્રામજનોએ ઉગ્ર આંદોલન કર્યા હતાં.

સ્થાનિક વેપારીઓએ હાઈકોર્ટમાં પી.એલ.આઈ પણ દાખલ કરેલ હતી. તેના પરિણામે ફરી ભૂગર્ભ ગટરના રીપેરીંગ કામ માટે રૂપિયા ૧૧ કરોડ જેવી માતબર રકમ મંજુર થઈને આવતા. શાસક પક્ષના સત્તાધીશોએ ભૂમિ પૂજન ખાતમુહૂર્ત કરી સંતોષ માની લીધો હોય તેમ વર્તમાન સમયમાં લીલીયાની નાવલી બજારમાં ભૂગર્ભ ગટરની કામગીરી ચાલી રહી છે. તેને લઈ અનેક ફરિયાદો ઉઠવા છતાં કોઈ જવાબદાર અધિકારી કે પદા અધિકારીઓએ દરકાર ન કરતા ગઈકાલે બપોરના સમયે સ્થાનિક સરપંચ વિજયભાઈ શેખલીયા ગ્રામ પંચાયત સદસ્યો અને વિજયભાઈ વિરાણી રાજુભાઈ ગરાણીયા અને વેપારીઓ ગ્રામજનો ભૂગર્ભ ગટરની કામગીરી ચાલી રહી છે. તેમાં બનાવવામાં આવતી કુંડીઓની નબળી કામગીરી જોઈ સ્થાનિક ટીડીઓ કિશોરભાઈ આચાર્યને નબળી કામગીરી ચાલી રહી હોવાની રજૂઆત કરી હતી.

આ રજુઆતના પગલે ટીડીઓ કામના સ્થળે દોડી આવતા સ્થાનિક લોકોએ નબળી કામગીરી થઈ રહી છે તેની સામે પગલાં ભરવા માગણી કરી હતી.

વિજયભાઈ વિરાણીએ જણાવ્યું હતું કે સરકારના તમામ ધારા ધોરણે નેવે મૂકી ભૂગર્ભ ગટર કામગીરી ચાલી રહી છે. તેને લઈ જવાબદારો સામે પગલાં ભરવા માંગ કરી હતી.

સ્થાનિક ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયાએ જણાવ્યું હતું કે, નાવલી બજારમાં પાણીનું વહેણ હોય તેને લઈ આર.સી.સી કુંડીઓ બનાવી જોઈએ અને ભૂગર્ભ ગટરની કામગીરી નબળી ચાલી રહી છે. તેને અટકાવવી જોઈએ. ટી.ડી.ઓ કિશોરભાઈ આચાર્યએ જણાવ્યું હતું કે સ્થાનિક લોકોની ભૂગર્ભ ગટરની કામગીરી નબળી ચાલી રહી છે તે ફરિયાદ મળતા સ્થળ પર દોડી ગયેલ હતાં. વી.સી ચાલુ થવાની હોય તેને લઈ કોઈ સૂચના કામ પર આપેલ નહતી

# ફેક ઈન્સ્ટાગ્રામ આઈડીથી કોમી વૈમનસ્ય ફેલાવનાર ઝડપાયો

## ગીર સોમનાથ પોલીસે ગામમાં સરઘસ કાઢી જાહેરમાં ઉઠક-બેઠક કરાવી માફી મંગાવી



ગીર સોમનાથ:ગીર સોમનાથ જિલ્લામાં સોશિયલ મીડિયાના માધ્યમથી ધાર્મિક લાગણી દુભાવવા અને હિન્દુ-મુસ્લિમ સમાજ વચ્ચે વૈમનસ્ય ફેલાવવાની પ્રવૃત્તિ સામે પોલીસે લાલ આંખ કરી છે. ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી વાંધાજનક પોસ્ટ વાયરલ કરનાર આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી પાડી કોડીનાર પોલીસે તેનું સરઘસ કાઢ્યું હતું અને જાહેરમાં ઉઠક-બેઠક કરાવી માફી મંગાવી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક જયદિપસિંહ જાડેજાની સૂચના મુજબ સોશિયલ મીડિયા પર સતત વોચ રાખવામાં આવી રહી છે. આ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર એમ. કે. વણારકાની રાહબરીમાં તપાસ કરતા જાણવા મળ્યું હતુંકે, ઈન્સ્ટાગ્રામ પર 'firoj68971' (Firoj kharai) નામના આઈડી પરથી બે કોમ વચ્ચે તણાવ ઉભો થાય તેવી પોસ્ટ શેર કરવામાં આવી હતી. આ મામલાની ગંભીરતા જોઈ પોલીસે ટેકનિકલ તપાસ હાથ ધરી હતી.

પોલીસ હેડ કોન્સ્ટેબલ મુકેશભાઈ, આઈટી એક્સપર્ટ વિશાલભાઈ વાળા અને દર્શિતભાઈની મદદથી CDR, SDR અને IPD ડેટાની તપાસ કરવામાં આવી હતી. જેમાં બહાર આવ્યું હતું કે મૂળ દ્વારકાના રહેવાસી અજગર અનવર ખરાઈએ અન્ય વ્યક્તિના ખોવાયેલા સિમકાર્ડનો ઉપયોગ કરી ફેક આઈડી બનાવ્યું હતું અને તેમાંથી ઉશ્કેરણીજનક સામગ્રી વાયરલ કરી હતી.

આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ 196 (1) (A), 196 (1) (B), 299, 353 (1) (B), 353 (1) (C), 353 (2) તથા આઈટી એક્ટની કલમ 66 (C) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ધરપકડ બાદ પોલીસે મૂળ દ્વારકામાં આરોપીનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું. આ દરમિયાન આરોપીએ કરેલી ભૂલ બદલ ઉઠક-બેઠક કરી જાહેરમાં માફી માંગી હતી.

# વેપારીને વેબસાઈટમાં રોકાણ કરાવી ઉંચા વળતરની લાલચ આપી રૂા. ૯૨.૭૫ લાખની છેતરપિંડી

અમરેલી: બાબરાના નવાણીયામાં વેપારીને વેબસાઈટમાં રોકાણ કરાવી ઉચા વળતરની લાલચ આપી ઉત્તરપ્રદેશની મહિલા સહિત ત્રણ શખ્સોએ ૯૨.૭૫ લાખની ઠગાઈ કરી હતી. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફ્રોડની ફરિયાદ નોંધાઈ હતી.




બાબરાના નવાણીયા ભાયાણી શેરીમાં રહેતા મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી (ઉ.વ.૫૨)એ ઉત્તરપ્રદેશના લખનઉની જાનકીપુરમ ખાતે રહેતી નેહા શર્મા, વેબસાઈટના સંચાલક અને રોકાણના નાણાં જમા થયેલા બેંક ખાતા ધારકો સામે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે ઉંટવડ ખાતે જય ખોડિયાર એન્ટર પ્રાઈઝ નામ ભરડીયો ચલાવી રહ્યા છે. સાયબર ગઠીયાઓએ એક સંપ થઈ તેને વેબસાઈટમાં USDT રોકાણ કરાવડાવી તેમાં ઉંચું પ્રોફીટ અપાવવાની લાલચ આપી હતી.

તેમજ મહેશભાઈ ભાયાણી પાસેથી ૧૧-૧૦-૨૦૨૫ થી ૩-૧-૨૦૨૬ દરમિયાન જુદા જુદા બેંક ખાતા તેમજ યુપીઆઈ મારફત અલગ અલગ રકમના ટ્રાન્જેકશન કરાવડાવી ૯૨.૭૫ લાખ પડાવી લીધા હતા. ત્યારબાદ મહેશભાઈ ભાયાણીને નાણાં પરત આપ્યા ન હતા કે નફો પરત આપ્યો ન હતો. મહેશભાઈ સાથે સાયબર ફ્રોડ થયાની જાણ થતા તેણે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં આ અંગે ફરિયાદ કરતા પીઆઈ કે.એલ.ખટાણા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલામાં એસઆઈઆરના સીમાંકન સામે નિવૃત ફૌજીનો વિરોધ

સાવરકુંડલા:સાવરકુંડલા શહેરમાં હાલમાં ચાલી રહેલી એસ.આઈ.આર. Special Intensive Revisionપ્રક્રિયા અંતર્ગત મતદાર યાદીમાં કરવામાં આવેલા સીમાંકન સામે સ્થાનિક અતુલભાઈ જાની નિવૃત ફૌજી દ્વારા સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસર, સાવરકુંડલા મામલતદાર, ડેપ્યુટી કલેકટર સાવરકુંડલા તેમજ અમરેલી જિલ્લા કલેકટરને લેખિતમાં અરજી આપી યોગ્ય કરવા માંગ કરવામાં આવી હતી.જિલ્લા વહીવટી પ્રશાસન તરફથી પ્રતિક્રિયા ના આવવાથી ઈલેક્શન કમિશન પોર્ટલ પર ઓનલાઈન અરજી રજૂ કરવામાં આવી હતી. જેમાં વિસ્તારોની ખોટી ફેરબદલ વોર્ડ નંબર ૨ના ભાગ નંબર ૧૭૬/૧૭૭ હેઠળ આવતા શિવાજીનગર શેરી નંબર ૧૧, શિવાજીનગર મેઈન રોડ અને પીપરવાડી વિસ્તારના રહીશોના નામ ગેરકાયદેસર રીતે અન્ય વોર્ડમાં ફેરવવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું.મતદારો વર્ષોથી વોર્ડ નંબર ૨માં મતદાન કરતા આવ્યા હોય તેમને પુન મૂળ વોર્ડમાં રાખવા માટે જૈંઇ માર્ગદર્શિકા મુજબ સુધારો કરવાની તેણે માંગ કરી છે. શીવાજીનગર વિસ્તારમાં ભૌગોલિક વિસંગતતા વોર્ડ નંબર ૨ લીલાપીરનો કેડો અને ધજડી રોડ, વાડી વિસ્તારોને ખોટી રીતે સામેલ કરવામાં આવ્યા છે. આ વિસ્તારો ભૌગોલિક દ્રષ્ટિએ મતદાન મથકથી અંદાજિત ૪ થી ૬ કિલોમીટર જેટલા દૂર થાય છે. જે ચૂંટણી અધિનિયમ મુજબના બે કિલોમીટરના ત્રિજયાના નિયમની વિરુદ્ધ છે. નિવૃત ફૌજી અતુલભાઈ જાની આ પ્રકારના સીમાંકનથી મતદારોને મતદાન સમયે ભારે મુશ્કેલી પડી શકે છે અને લોકશાહી પ્રક્રિયામાં અવરોધ ઊભો થઈ શકે છે. તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા અતુલભાઈ જાનીએ માંગણી કરી હતી.

# ધારીના દેવળાના આધેડને યુવતી સાથે લગ્ન કરાવવાની લાલચ આપી ૮.૦૩ લાખની ઠગાઈ

અમરેલી:અમરેલી જિલ્લામાં છેતરપિંડીના બનાવો વધી રહ્યાં છે ત્યારે ધારીના દેવળાના ૪૮ વર્ષિય આધેડના યુવતિ સાથે લગ્ન કરાવી આપવા તથા પ્લોટ, મકાન અને કાર આપવાની લાલચ આપી જુદી જુદી બેંકમાં એકાઉન્ટ ખોલાવી ત્રણ શખ્સોએ ૮.૦૩ લાખની છેતરપીડી આચરી હતી. આ અંગે ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી હતી.ધારીના દેવળામાં રહેતા અશોકભાઈ બાલુભાઈ વસોયા (ઉ.વ.૪૮)એ રવિ શર્મા, વિજય પ્રકાશ અને પુજા નામની મહિલા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રવિ શર્મા અને વિજય પ્રકાશે તેના પુજા સાથે લગ્ન કરાવી આપવાની લાલચ આપી હતી. તેમજ પ્લોટ, મકાન અને ફોરવ્હીલ આપવાની લાલચ આપી



અલગ-અલગ બેંકોમાં તેની પાસે બેંક એકાઉન્ટ ખોલાવ્યા હતા.ત્યારબાદ જુદા જુદા બેંક એકાઉન્ટમાં અલગ-અલગ તારીખોએ જુદા જુદા ટ્રાન્જેકશન કરાવી ૮.૦૩ લાખ જમા કરાવ્યા હતા. આ નાણાં રવિ શર્મા, વિજય પ્રકાશ અને પુજા નામની મહિલાએ ઉપાડી લીધા અને છેતરપીડી આચરી હતી. આ અંગે ધારી પોલીસ મથકમાં ત્રણેય સામે ફરિયાદ નોંધાતા પીઆઈ કે.બી.જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ઉનામાં દીપડો અને પિતા-પુત્ર વચ્ચે લોહિયાળ જંગ

## વૃદ્ધ પિતાએ પુત્રને બચાવવા સ્વબચાવમાં દાંતરડું મારીને દીપડાને મોતને ઘાટ ઉતાર્યો

ઉના:ઉના તાલુકાના ગાંગડા ગામની સીમમાં મોડી રાત્રે કાળજું કંપાવી દે તેવી ઘટના બની હતી. વન્ય જીવ અને મનુષ્ય વચ્ચેના સંઘર્ષમાં એક પિતાએ પોતાના પુત્રનો જીવ બચાવવા માટે હિંસક દીપડા સામે બાથ ભીડી તેને મોતને ઘાટ ઉતાર્યો હતો.ગાંગડા ગામની સીમમાં વાડી વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય બાબુભાઈ નારણભાઈ વાજા ગત રાત્રે પોતાના ઘરની ઓસરીમાં બેઠા હતા. આ સમયે અંધારાનો લાભ લઈને એક હિંસક દીપડો ત્યાં ત્રાટક્યો હતો અને સીધો બાબુભાઈ પર હુમલો કરી દીધો હતો.પિતાની ચીસાચીસ સાંભળીને તેમનો ૨૭ વર્ષીય પુત્ર શાર્દુલભાઈ તરત જ રૂમની બહાર દોડી આવ્યો હતો. દીપડાએ બાબુભાઈને છોડીને શાર્દુલ પર જીવલેણ હુમલો કરતા સ્થિતિ ગંભીર બની હતી.પોતાના પુત્રને દીપડાના જડબામાં જોઈને પિતા બાબુભાઈએ જીવની પરવા કર્યા વગર વળતો પ્રહાર કરવાનું નક્કી કર્યું. તેમણે ઘર પાસે પડેલા ભાલા અને દાતરડા જેવા હથિયારો વડે દીપડા પર જોરદાર પ્રહાર કર્યા હતા. આ લોહિયાળ જંગમાં અંતે દીપડાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.ઈજાગ્રસ્ત પિતા બાબુભાઈ વાજાએ



હોસ્પિટલમાં સમગ્ર ઘટના વર્ણવતા કહ્યું - "હું રાત્રે ઓસરીમાં સૂતો હતો ત્યારે દીપડો આવ્યો હતો. મેં તેને ભગાડવા હાકલ કરી તો મારી સામે થયો અને મારા પર હુમલો કર્યો અને મને પોતાની બાથમાં ભીડી દીધો. મેં મારા દીકરાને બોલાવવા બૂમો પાડી. દીકરો આવતા દીપડાએ મને મૂકીને મારા દીકરા પર હુમલો કર્યો. મેં દીકરાને છોડાવવા પ્રયાસ કર્યા તો દીપડાએ ફરી મારા પર હુમલો કર્યો. આ ઘણી વાર ચાલ્યું. પછી મેં દીપડાને દાંતરડું મારી દીધું અને લાકડીએથી માર્યો. ઘટના બાદ વન વિભાગને જાણ કરી હતી."

હુમલામાં પિતા અને પુત્ર બંને ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને તાત્કાલિક ઉનાની સરકારી હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આધેડ પિતા બાબુભાઈને ગંભીર ઈજા પહોંચતાં શરીરમાં અલગ અલગ જગ્યાએ ૫૦થી વધુ ટાંકા લેવામાં આવ્યા છે અને હાલ સારવાર હેઠળ છે.ઘટનાની જાણ થતાં જ જસાધાર આર.એફ.ઓ. એલ.બી. ભરવાડ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. વન વિભાગે દીપડાનો મૃતદેહ અને હુમલામાં વપરાયેલા હથિયારો કબજે કર્યા છે. દીપડાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અને આગળની તપાસ માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો છે.ઉના પંથકમાં સ્વબચાવમાં દીપડાને મોતને ઘાટ ઉતારવાની આ પ્રથમ ઘટના હોવાનું મનાય છે, જેના કારણે સમગ્ર પંથકમાં આ સાહસિક પિતાની ચર્ચા થઈ રહી છે.

# બાબરામાં રહેણાંકમાં થયેલી રૂપિયા ૩.૨૯ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

બાબરા:બાબરા શહેરમાં થયેલી લાખોની ચોરીના કિસ્સામાં પોલીસે ગણતરીના કલાકોમાં જ ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ રિકવર કરી બે શખ્સોની ધરપકડ કરી છે. બાબરા પોલીસ મથકે મેહુલકુમાર વિનુભાઈ કાવઠીયાએ ફરિયાદ નોંધાવી હતી કે, ગત તારીખ ૨૨ થી ૨૩ના સમયગાળા દરમિયાન તેમના બંધ મકાનમાં કોઈ અજાણ્યા તસ્કરોએ પ્રવેશ કરી કબાટમાંથી આશરે સાત તોલાનો સોનાનો હાર તથા સોનાના બે નંગ પહોંચાની ચોરી કરી હતી.

આ બાબતે બાબરા પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતાની કલમો મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. નાયબ




પોલિસ અધિકારીના માર્ગદર્શન હેઠળ બાબરા પીઆઈ એમ.આર.શેઠ તથા સબ ઈન્સ્પેક્ટર કે. એસ. ડાંગરની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને પોલીસે ગૌતમ રમેશભાઈ ડાભી (ઉ.વ. ૩૦, રહે. બાબરા) અને નિશાબેન હિતેશભાઈ નવાપરીયા (ઉ.વ. ૨૩, રહે. સુરત, મૂળ રહે. ગળકોટડી)ને ઝડપી પાડ્યા હતા.

પોલીસ તપાસમાં આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે, જેમાં સોનાનો હાર (કિંમત રૂ. ૨.૮૬ લાખ ) અને સોનાના બે પહોંચા (કિંમત રૂ. ૪૩ હજાર) એમ કુલ રૂ. ૩.૨૯ લાખનો મુદ્દામાલ રીકવર કરી પોલીસે વણઉકેલાયેલ ગુનાને ડિટેક્ટ કરવામાં સફળતા મેળવી છે. હાલ બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જેલ હવાલે કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# તાલાલા પંથકમાં બે સગીરા પર દુષ્કર્મ,પોલીસે ૨ શખ્સને દબોચ્યા


તાલાલા:તાલાલા પંથકના એક ગામમાં રહેતા પરિવારની બે કૌટુંબિક બહેનોની સાથે ગામના સગીરને પરિચય હોય આ સગીરનો મિત્ર પરેશ ઉર્ફે કાળિયોએ બંને સગીરાઓ સાથે કેળવેલા પરિચયથી લોભ લાલચ આપી બંને સગીરા પર બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ ભોગ બનનારના માતાએ તાલાલા પોલીસ કરી હતી. જેના આધારે પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી.ગુનાની ગંભીરતા જોઈ જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજાની સુચના ડીવાયએસપી ખેંગારના માર્ગદર્શનમાં તાલાલા પીઆઈ એ. બી. ગોહિલે આરોપીઓને પકડી પાડવા એએસઆઈ હેમંતભાઈ સોલંકી સહિતની સર્વેલન્સ ટીમને કામે લગાડી આરોપીઓનું પગેરુ દબાવ્યું



હતું. આરોપીઓ મોબાઈલ બંધ રાખી જંગલ વિસ્તારમાં ફરતા હોવાની બાતમી મળતા પોલીસે ગામના સીમાડા નજીકના જંગલ વિસ્તારમાંથી બંને આરોપીને પકડી પાડ્યા હતા. જેમાં એક આરોપી સગીર હોય અને અન્ય આરોપી પરેશ ઉર્ફે કાળીયો માનભાઈ પરમાર રહે. જરગલી, તાલુકો ગીરગઢડા વાળાને તાલાલા પોલીસ સ્ટેશન લઈ આવી વધુ આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાસણ બજારમાં પગપાળા ફર્યા: સરપંચો સાથે ચા પીધી, પાન ખાધું; પ્રવાસન સુવિધા અંગે ચર્ચા કરી







તાલાલા:મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જૂનાગઢના સત્તાવાર કાર્યક્રમ બાદ સાસણ ગામની મુલાકાતે આવ્યા હતા. સિંહ સદન ગેસ્ટ હાઉસમાં રોકાયા બાદ તેઓ જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા સાથે પગપાળા સાસણની બજારમાં ફરવા નીકળ્યા હતા.બજારમાં ફરતી વખતે મુખ્યમંત્રીએ સિંહોના ફોટા અને આર્ટિફિશિયલ શોપીસની દુકાનોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેઓ સાસણના સરપંચ જુમાભાઈ કટિયા અને પૂર્વ સરપંચ ભરતભાઈ લાખાણીને મળ્યા હતા. જિલ્લા પ્રમુખે તેમની ઓળખાણ કરાવ્યા બાદ મુખ્યમંત્રીએ ચા પીવડાવવા કહ્યું હતું.મુખ્યમંત્રી સામાન્ય બાંકડા પર સરપંચો અને જિલ્લા પ્રમુખ સાથે બેસીને વાતો કરી હતી. તેમણે સાસણ ગામના લોકો, વેપારીઓ અને પ્રવાસીઓને કોઈ તકલીફ છે કે કેમ તેની પૂછપરછ કરી હતી. સરપંચ જુમાભાઈ કટિયાએ જણાવ્યું કે વિકાસના કામો સમયસર થઈ રહ્યા છે અને વન વિભાગ સાથે ગામનું સંકલન સારું છે.

પૂર્વ સરપંચ ભરતભાઈ લાખાણીએ પ્રવાસીઓ માટે સિંહદર્શન બાદ અન્ય કોઈ પ્રવૃત્તિ ન હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે સૂચન કર્યું કે જો હિરણ નદીમાં નાઈટ ટ્રેકિંગ અને બોટિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થાય તો પ્રવાસીઓનો અનુભવ વધુ આનંદદાયક બની શકે છે. મુખ્યમંત્રીએ આ સૂચનમાં રસ દાખવી વધુ વિગતો પૂછી હતી.નોંધનીય છે કે મુખ્યમંત્રીનો સાસણનો આ કોઈ સત્તાવાર સરકારી કાર્યક્રમ ન હતો. તેઓ તાલાલા તાલુકાના ધાવા ગીર પાસે આવેલા એક રિસોર્ટમાં મિત્રના પુત્રના લગ્નમાં હાજરી આપવા આવ્યા હતા અને રાત્રી રોકાણ સિંહ સદનમાં કર્યું હતું. આ દરમિયાન તેઓ બજારમાં ફરવા નીકળ્યા હતા.

# રાજુલા માર્કેટિંગ યાર્ડના પ્રમુખ-ઉપપ્રમુખ બિનહરીફ ચૂંટાયા

## વિવિધ સંસ્થાઓ અને આગેવાનો દ્વારા સન્માન કરાયું

રાજુલા:રાજુલા માર્કેટિંગ યાર્ડના પ્રમુખ અને ઉપપ્રમુખો



બિનહરીફ ચૂંટાઈ આવ્યા બાદ આજે તેમનું વિવિધ સંસ્થાઓ અને આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહ રાજુલા શહેરમાં યોજાયો હતો.

આ કાર્યક્રમમાં નવા આગરીયા ગામના સરપંચ વલ્લભભાઈ છોટાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મયુરભાઈ બગડા અને કનુભાઈ હડિયા પણ હાજર રહ્યા હતા.રાજુલા રુદ્ર ગણના સભ્યો વનરાજભાઈ, ધવલભાઈ દુધરેજીયા, જીતેન્દ્રભાઈ મશરૂ, અજયભાઈ, રઘુવીરભાઈ વરુ, જયરાજભાઈ ખુમાણ, જયદીપભાઈ ચોટીલા, જયરાજભાઈ ધાખડા, રાજેન્દ્રભાઈ ધાખડા, રણછોડભાઈ મકવાણા અને વિજયભાઈ વાઘ સહિત અનેક આગેવાનોએ પ્રમુખમંડળને અભિનંદન પાઠવ્યા હતા.હાજર મહાનુભાવોએ નવા પ્રમુખ અને ઉપપ્રમુખોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે તેમના કાર્યકાળ દરમિયાન માર્કેટિંગ યાર્ડનો વિકાસ વધુ ગતિ મેળવશે.